જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૯/૧૧/૨૦૧૭ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૩૨૫/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૭૩ કેસ કરી, ૭૨ વ્યક્તિઓને ઝડપી, ૩૦૭ લીટર દેશી દારૂ, ૩ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૧૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૯,૨૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૩૨૬/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૪૬૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૭૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ચોરીઃ- સમાચાર યાદી નં.૨૩૨૭/૧૭**

**ગોમતીપુરઃ** શંકરલાલ ગોવિદરામ ભોજવાણી (રહે. ગુરુ રામદાસ સોસાયટી અંબર સીનેમા પાસે બાપુનગર) એ **ગોમતીપુર** પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૧૧/૧૭ સાંજના ૫/૪૫ વાગ્યાના સુમારે ગોમતીપુર રખીયાલ ચાર રસ્તા પાસે વિજય પેટ્રોલ પમ્પ સામે ગૌતમ સ્ટોર્સની દુકાનની પાસે પાર્ક કરેલ પોતાના એક્ટીવાની ડેકી ખોલી અજાણી વ્યક્તિ ડેકીમાંથી રૂપિયા ૫૪,૭૫૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ **પો.સ.ઇ.શ્રી** એલ.જી ખરાડી ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુ:- સમાચાર યાદી નં.૨૩૨૮/૧૭**

**પાલડીઃ** મનીષભાઇ મેહરસિંગ રાજપુત (રહે. કોચરબગામ બ્રાહ્મણશેરી ખારાકુવા વાસ કોચરબ પાલડી) એ તા.૧૮/૧૧/૧૭ નારોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૧૧/૧૭ કલાક ૫/૩૦ વાગ્યાના સુમારે પાલડી કૃષિભવનના દરવાજા નજીકથી મનીષભાઈના ભાઈ પ્રેમલભાઈ પોતાનુ મોટર સાયકલ ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે અજાણ્યા મોટર સાયકલ ચાલકે મોટર સાયકલ પુરઝડપે અને બેદરકારીથી ચલાવી પ્રેમલભાઈના મોટર સાયકલને ટક્કર મારતા પ્રેમલભાઈને ગંભીર ઈજાઓ થતા સારવાર દરમયાન મૃત્યુ નિપજયું હતુઆ ગુનાની તપાસ **પો.સ.ઇ.શ્રી એમ.એમ.સીંધી** ચલાવે છે.

**કાગડાપીઠ**: જીતુભાઇ પાંચાભાઇ ભીલ(રહે. ભીલવાસ શાહઆલમ ટોલનાકા સ્વામિનારાયણ કોલેજની પાસે દશામાંનો મંદિરનો ખાંચો દાણીલીમડા) એ **કાગડાપીઠ** પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૧૧/૧૭ બપોરના ૩/૪૫ વાગ્યાના સુમારે જીતુભાઈનો ભત્રીજો સુરેશ શાહઆલમ ટોલનાકા ચાર રસ્તા નજીકથી પસાર થઈ રહ્યો હતો ત્યારે ટ્રક નંબર જીજે૧૮ ટી ૯૭૩૦ ના ચાલકે ટ્રક પુરઝડપે અને બેદરકારીથી ચલાવી સુરેશને ટક્કર મારતા ટ્રકનુ ટાયર સુરેશના માથા પર ફરી વળતા સ્થળ પર મૃત્યુ નિપજયું હતુઆ ગુનાની તપાસ **પો.સ.ઇ.શ્રી** ડી.વી.ખરાડી ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **સમાચાર યાદી નં.૨૩૨૯/૧૭**

**ઇસનપુર**: કિરણબહેન ડો/ઓફ રામબહાદુર નિસાદ (ઉ.વ.૧૫) (રહે.શકિતનગર સોસાયટી લાલ બંગ્લા પાછળ ગોવિંદવાડી ઇસનપુર) એ અગમ્ય કારણસર તા.૧૮/૧૧/૧૭ સવારના ૧૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી આ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.પી.સોલંકી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.